For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ચાર માસથી પાણી વગર કૃષ્ણાનગરના રહીશો ટળવળી રહ્યાં છે : હવે મ્યુ.કમિશનરનો ઘેરાવો કરાશેની ચીમકી

વોર્ડ નં.4ના રહીશોનો વોર્ડ કચેરીએ હોબાળો

300 મકાનો પાણી વિના ટળવળ્યા; ટેન્કર રાજથી જનતા પરેશાન

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા શહેરના પૂર્વ વિસ્તારમાં ઉનાળાની શરૂઆત સાથે જ પાણીની સમસ્યા દિનપ્રતિદિન વધુ ગંભીર અને વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહી છે. આ વિસ્તારમાં આવેલી અનેક સોસાયટીઓમાં પીવાના પાણી માટે કાદવ-કીચડ જેવી સ્થિતિ વચ્ચે લોકો વલખાં મારી રહ્યા છે. વહીવટી તંત્રની ધીમી કામગીરી અને ઉદાસીનતાના કારણે સ્થાનિક નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે, જેનો જીવંત પુરાવો સોમવારે વોર્ડ નંબર-4 ની કચેરી ખાતે જોવા મળ્યો હતો જ્યાં ત્રસ્ત રહીશોએ ન્યાયની માંગ સાથે ગગનભેદી સૂત્રોચ્ચાર કરીને હોબાળો મચાવ્યો હતો. પૂર્વ વિસ્તારમાં પાણીની તંગી નિવારવા માટે અને પુરવઠો વધારવા માટે આજવા ખાતેથી નવી લાઈન જોડાણની કામગીરી હાથ ધરવામાં આવી છે ખરી, પરંતુ કોર્પોરેશનના ઈજનેરો અને કોન્ટ્રાક્ટરોની સુસ્તીને કારણે આ પ્રોજેક્ટ અત્યંત ધીમી ગતિએ ચાલી રહ્યો છે. પરિણામે, હજુ પણ અનેક વિસ્તારો પાણીના એક-એક ટીપાં માટે મૂરઝાઈ રહ્યા છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે હાલમાં મોટાભાગના પ્રભાવિત વિસ્તારોમાં ટેન્કર મારફતે પાણી વિતરણ કરવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી. જોકે, આ ટેન્કર રાજ પણ લોકોની તરસ છિપાવવામાં સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થઈ રહ્યું છે. આ જ કડીમાં આજે ખોડીયારનગર વિસ્તારમાં આવેલી કૃષ્ણા નગર વિભાગ-2 સોસાયટીના રહીશોનો પિત્તો છટક્યો હતો. સોસાયટીની મહિલાઓ અને પુરુષો મોટી સંખ્યામાં વોર્ડ નંબર-4 ની કચેરીએ ધસી આવ્યા હતા અને તંત્ર વિરુદ્ધ જોરદાર દેખાવો કર્યા હતા. રહીશોએ આક્રોશપૂર્વક આક્ષેપ કર્યો હતો કે, તેમની સોસાયટીના આશરે 300 જેટલા મકાનોમાં છેલ્લા ચાર મહિનાથી પૂરતા પ્રમાણમાં અને નિયમિત પાણી મળતું નથી. લાઈનોમાં પાણીનું પ્રેશર એટલું ઓછું હોય છે કે નળ સુધી પાણી પહોંચતું જ નથી. ગૃહિણીઓનું કહેવું છે કે, મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મોકલવામાં આવતા ટેન્કરો માત્ર કામચલાઉ રાહત આપે છે, તે કોઈ કાયમી કે સ્થાયી ઉકેલ નથી. દરરોજ ટેન્કરની રાહ જોઈને ઊભા રહેવું અને પાણી ભરવા માટે પડાપડી કરવી એ હવે રોજની હાલાકી બની ગઈ છે. મજબૂરીવશ મધ્યમવર્ગીય પરિવારોને પીવાના પાણી માટે બહારથી મોંઘા ભાવના પાણીના જગ ખરીદવા પડી રહ્યા છે, જેના કારણે તેમના બજેટ પર આર્થિક બોજ વધી રહ્યો છે.

સ્થાનિકોએ ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી દિવસોમાં પાણીની સમસ્યાનો કાયમી નિકાલ કરવામાં નહીં આવે, તો તેઓ સીધા મ્યુનિસિપલ કમિશનરની કચેરીએ જઈને ઉગ્ર આંદોલન કરશે.

ન્યાય ન મળે તો આંદોલનની ચીમકી : ઉગ્ર રજૂઆત

બે મહિનાથી પગાર વિના કામ કરતા બગીચા કામદારોમાં રોષ

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા મહાનગરપાલિકા સંચાલિત બગીચાઓમાં ફરજ બજાવતા પાર્ક્સ એન્ડ ગાર્ડન વિભાગના આશરે 150થી 200 કામદારો છેલ્લા બે મહિનાથી પગાર વિના કામ કરી રહ્યા હોવાનો મામલો સામે આવ્યો છે. પગાર ન મળતા મહિલા અને પુરુષ કામદારો મોટી સંખ્યામાં કોર્પોરેશન કચેરીએ પહોંચ્યા હતા અને તંત્ર સમક્ષ ન્યાયની માંગ કરી હતી. માહિતી મુજબ બગીચાઓમાં હેલ્પર અને માળી તરીકે કામ કરતા શ્રમિકોને છેલ્લા બે માસથી વેતન ચૂકવાયું નથી. જેના કારણે પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે. ઘરખર્ચ, ભાડું, બાળકોની ફી સહિતની જરૂરિયાતો પૂરી કરવા માટે કેટલાક કામદારોને દાગીના ગીરવે મૂકવાની નોબત આવી હોવાનું જણાવ્યું હતું. ગુજરાત મજદૂર સેનાના અગ્રણી મનોજ પંડિતે કોન્ટ્રાક્ટર પ્રથા સામે આક્ષેપ કરતા જણાવ્યું કે નિયમ મુજબ લઘુત્તમ વેતન મળતું નથી અને કામદારોને માત્ર અંદાજે 7 હજાર જેટલો પગાર આપવામાં આવે છે. ઉપરાંત, કામદારોને ઓળખપત્ર પણ આપવામાં આવ્યા નથી, જેના કારણે રાત્રિ ફરજ દરમિયાન મુશ્કેલીઓ સર્જાય છે. કામદારો મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરવા પહોંચ્યા હતા, પરંતુ તેમની ગેરહાજરીમાં ડાયરેક્ટર જયસ્વાલે રજૂઆત સાંભળી અને ટૂંક સમયમાં બાકી પગાર ચૂકવવાની ખાતરી આપી હતી. જોકે, કામદારોએ એક સપ્તાહમાં પગાર નહીં ચૂકવાય તો હડતાલ અને ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

ફ્રીજ-ટીવી અને RO સહિતની ઘરવખરીને ભારે નુકસાન

ભાયલી વિસ્તારમાં ચાર ફળિયામાં હાઈ વોલ્ટેજના કારણે વીજળી ગુલ

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

વડોદરા શહેરના ભાયલી વિસ્તારમાં વીજ પુરવઠો ખોરવાતા અને અચાનક હાઈ વોલ્ટેજ આવતા નાગરિકોને ભારે નુકસાન વેઠવું પડ્યું છે. ડીસી પાવર વધવાથી અનેક ઘરોમાં ફ્રીજ, ટીવી, પાણીના RO, લાઈટ અને પંખા બળી જવાની ઘટના બની હતી. વીજળી ગુલ થતા લોકો ગરમીમાં મુશ્કેલીમાં મૂકાયા હતા.

વડોદરામાં ગરમીએ ભારે કરી છે. શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં વીજળી ગુલ, વીજ વાયરો સળગવા , શોર્ટ સર્કિટથી ઓવરહિટિંગના કારણે આગ લાગવાના અનેક બનાવો નોંધાયા હતા. ત્યારે, હવે હાઈ વોલ્ટેજના કારણે લોકોના ઘરોમાં ઈલેક્ટ્રીક ઉપકરણોમાં નુકસાન થયું હોવાનો બનાવ સામે આવ્યો હ તો . શહેરના ભાયલી વિસ્તાર માં આવેલા સુથાર ફળિયું, રબારી ફળિયું સહિત ભાયલીના અનેક વિસ્તારોમાં હાઈ વોલ્ટેજની સમસ્યા સર્જાઈ હતી. વોલ્ટેજ ફ્લકચ્યુએશનને કારણે ઘરગથ્થુ ઈલેક્ટ્રોનિક ઉપકરણો બળી જતાં રહીશોને મોટું નુકસાન થયું છે. ફરિયાદ મળતા મધ્ય ગુજરાત વીજ કંપનીની ટીમ સ્થળ પર પહોંચી અને વાયરિંગ રિપેરિંગની કામગીરી હાથ ધરી હતી. જોકે રિપેરિંગ બાદ પણ અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયેલો રહ્યો હતો. વીજ વિભાગની કામગીરી સામે નાગરિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. સ્થાનિક નિકુલ પરમારે સવાલ ઉઠાવતા જણાવ્યું હતું કે, ઘરગથ્થુ નુકસાનનું વળતર કોણ આપશે?

વીજળી ગુલ થવાને કારણે લોકોની રોજિંદી કામગીરી પણ ખોરવાઈ ગઈ છે. 70 થી 80 ઘરોમાં લાખો રૂપિયાનું નુકસાન થયું છે. લાઈટ ચાલુ કરી આપી વાયરિંગ બદલી આપ્યું પરંતુ જે ચારથી પાંચ લાખનું લોકોના ઘરોમાં નુકસાન થયું છે. એ કોણ આપશે ? સવાલો કરતા વીજ કંપનીના કર્મચારીઓએ કોઈ યોગ્ય જવાબ નહિ આપ્યો હોવાના આક્ષેપ કરવામાં આવ્યા હતા.

9 જુલાઈએ મેરિટ લિસ્ટ

MBA-MCAની 219 કોલેજમાં પ્રવેશ માટે 30 જૂન સુધી રજિસ્ટ્રેશન

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

પ્રવેશ સમિતિ દ્વારા એમબીએ એમસીએ કોર્સમાં પ્રવેશ માટેની પ્રોવિઝનલ શીડ્યુલ જાહેર કરવામાં આવી છે. 219 કોલેજોમાં પ્રવેશ માટે 30 જૂન 2026 સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી શકાશે. એમબીએ માટે 129 કોલેજમાં 18,666 બેઠકો ઉપલબ્ધ છે. એમસીએમાં 90 કોલેજમાં 8485 બેઠકો ઉપલબ્ધ છે.

ચાલુ વર્ષે એમબીએની 4 નવી કોલેજને મંજૂરી મળતા 400 બેઠકોનો વધારો થયો છે. એમસીએમાં 3 નવી કોલેજને મંજૂરી મળતા 300 બેઠકો વધી છે. નવી મંજૂર થયેલી એમબીએની 4 કોલેજોમાં 400 અને એમસીએ 3 કોલેજોમાં 300 બેઠકો ઉપલબ્ધ થશે. રજિસ્ટ્રેશન 2જી મેથી 30મી જૂન, ડોક્યુમેન્ટ સબમિશન 6ઠી જુલાઈ, પ્રોવિઝનલ મેરિટ 9મી જુલાઈ, ચોઈસ મોકરાઉન્ડ 9 મી જુલાઈથી 12 જુલાઈ, મોક રાઉન્ડ પરિણામ 16મી જુલાઈ, ફાઈનલ સીટ એલોટમેન્ટ 17મી જુલાઈ અને ફાઈનલ મેરિટ લિસ્ટ 17મી જુલાઈએ જારી કરાશે. પ્રવેશ સમિતિએ સ્પષ્ટતા કરી છે કે, એસબીએમ એસસીએમએ પ્રવેશ પ્રક્રિયામાં સીમીટ આપી હોવ તેવા વિદ્યાર્થીઓના બંધ સીટોને આખરી ગણ્યા નથી. વચગાળાના પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ રદ પ્રક્રિયા હાથ ધરાશે. રાજ્યની એમબીએની 129 કોલેજોમાં 18,666 અને એમસીએની 90 કોલેજોમાં 8,485 બેઠકો છે. સરકારી કોલેજોમાં 113, અનુદાનિતમાં 7, સ્વનિર્ભરમાં 275 અને પીપીપી મોડેલની કોલેજોમાં 6143 બેઠકો ઉપલબ્ધ છે. ઉમેદવારોએ તાત્કાલિક રજિસ્ટ્રેશન કરાવી લેવા અને 9 જુલાઈએ જાહેર થનારા મેરિટ લિસ્ટ માટે તૈયાર રહેવા અપીલ કરવામાં આવી છે.

20 વર્ષ પછી ફરી રજાના દિવસે મળશે પાલિકાનું બોર્ડ?

બકરી ઈદની રજા બદલાઈ જતા મેયરની ચૂંટણી પર સસ્પેન્સ

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

રાજ્ય સરકાર દ્વારા બકરી ઈદની જાહેર રજાની તારીખમાં ફેરફાર કરવામાં આવતા જ વડોદરા સહિત રાજ્યની સાત મહાનગરપાલિકાઓમાં આગામી 28મી મેના રોજ યોજાનારી મેયર સહિતના પદાધિકારીઓની વરણીની સભાને લઈને ભારે અસમંજસની સ્થિતિ સર્જાઈ છે. અગાઉથી નક્કી થયેલા કાર્યક્રમ મુજબ 28 મેના રોજ જ આ મહત્વની ચૂંટણી યોજાવાની છે, પરંતુ હવે એ જ દિવસે જાહેર રજા આવી પડતાં વહીવટી તંત્ર મૂંઝવણમાં મુકાયું છે. અગાઉના સરકારી કેલેન્ડર મુજબ 27 મેના રોજ બકરી ઈદની રજા જાહેર થયેલી હતી, જેથી 28 તારીખે કામકાજનો દિવસ હોવાથી કોઈ ટેકનિકલ અડચણ નહોતી. પરંતુ બીજના ચાંદના દર્શનના આધારે રાજ્ય સરકારે બકરી ઈદની રજા સુધારીને હવે 28 મેના રોજ જાહેર કરી દીધી છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા તો આ અંગેનો સત્તાવાર એજન્ડા પણ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યો હતો અને 28 મેના રોજ સવારે 11 કલાકે ખંડેરાવ માર્કેટ સ્થિત પાલિકાની વડી કચેરી ખાતે આ બેઠકનું આયોજન પણ પાકું થઈ ગયું હતું. આ અણધારી સ્થિતિ અંગે વડોદરા કોર્પોરેશનના સેક્રેટરી ચિંતન દેસાઈએ જણાવ્યું હતું કે, 28મી મેના રોજ જાહેર રજા હોવાના કારણે મ્યુનિસિપલ કમિશનર દ્વારા ગાંધીનગર રાજ્ય સરકાર ખાતે આ અંગેની રજૂઆત કે દરખાસ્ત મોકલવામાં આવશે. મેયરની ચૂંટણીનો સત્તાવાર એજન્ડા અગાઉથી જ બહાર પડી ચૂક્યો હોવાથી, હવે ગાંધીનગરથી જે પ્રમાણેની સૂચનાઓ આવશે તે મુજબ જ મ્યુનિસિપલ કમિશનર આગળનો અંતિમ નિર્ણય લેશે.

આગાઉ પણ રજાના દિવસે જ યોજાઈ હતી વરણી

"મેયરની ચૂંટણીનો એજન્ડા અગાઉથી જ બહાર પડી ચૂક્યો છે. હવે 28મીએ જાહેર રજા આવી હોવાથી મ્યુનિસિપલ કમિશનર આ અંગે ગાંધીનગર સરકારમાં રજૂઆત અને દરખાસ્ત મોકલશે. ત્યાંથી જે પણ માર્ગદર્શન કે સૂચના મળશે તે પ્રમાણે કમિશનર આખરી નિર્ણય લઈને આગળની પ્રક્રિયા હાથ ધરશે. અગાઉ વર્ષ 2005માં પણ ક્રિસ્મસની જાહેર રજાના દિવસે જ બોર્ડના સભ્યોની નિમણૂક કરવામાં આવી હતી, એટલે રજાના દિવસે સભા યોજવાનો ઇતિહાસ પાલિકામાં પહેલેથી જ છે."

ચિંતન દેસાઈ,(સેક્રેટરી, વડોદરા મહાનગરપાલિકા)

28 મેથી પ્રવેશ કાર્યવાહી શરૂ થતાં નિર્ણય લેવાયો

સૈદ્ધાંતિક મંજૂરી વિનાની કોલેજોને નો-એડમિશન ઝોનમાંથી મુક્તિ

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

રાજ્યની જુદી જુદી યુનિવર્સિટીઓ સાથે જોડાણ ધરાવતી અનેક ગ્રાન્ટેડ, સરકારી અને સ્વનિર્ભર કોલેજોને સરકારની સૈદ્ધાંતિક મંજૂરી ન હોવાથી નો-એડમિશન ઝોન માં મૂકવામાં આવી હતી. જોકે હવે શિક્ષણ વિભાગ દ્વારા આ કોલેજોને હાલ પૂરતી પ્રવેશ પ્રક્રિયામાં સામેલ કરવાનો નિર્ણય લેવાયો છે.

જીકાસના માધ્યમથી ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયામાં મુશ્કેલી ઊભી થતી હોવાથી નિર્ણય લેવાયો હતો. સૈદ્ધાંતિક મંજૂરી ન મળે ત્યાં સુધી જીકાસ એડમિશન પોર્ટલ પર આ કોલેજોની બેઠકો દર્શાવાતી ન હતી. હાલમાં પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે અને 28મી મે પછી પ્રવેશ ફાળવણી સહિતની પ્રક્રિયા શરૂ થવાની છે. આ સ્થિતિમાં જે કોલેજોને સૈદ્ધાંતિક મંજૂરી મળી નથી તેમને પણ નો-એડમિશન ઝોનમાંથી મુક્ત કરીને પ્રવેશ પ્રક્રિયામાં સામેલ કરવામાં આવશે. ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા આગામી એક માસમાં સરકાર પાસેથી સૈદ્ધાંતિક મંજૂરી લઈ લેવા કોલેજોને તાકીદ કરવામાં આવી છે. ગુજરાત યુનિવર્સિટી સહિતની સરકારી યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી કોલેજોએ નિયમિત રીતે રાજ્ય સરકારની સૈદ્ધાંતિક મંજૂરી મેળવવાની હોય છે. મંજૂરી મળ્યા પછી જ એડમિશન ફાળવવામાં આવતું હોય છે. સૈદ્ધાંતિક મંજૂરી વિના વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાતો ન હોવાથી આ કોલેજોને નો-એડમિશન ઝોનમાં મૂકવામાં આવતી હતી. હવે વિદ્યાર્થીઓના હિતમાં હંગામી રાહત આપવામાં આવી છે.

11 વાગ્યાની સભામાં અડધો કલાક રાહ જોવી પડી : મૌવડી મંડળે મૌખિક ઠપકો આપ્યો

વડોદરા તા. પંચાયતની પ્રથમ સભામાં જ 'લેટલતીફ' રાજકારણ: ઉપપ્રમુખ સહિત 12 સભ્યો મોડા પડ્યા!

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

વડોદરા તાલુકા પંચાયતની નવનિયુક્ત બોડીની પ્રથમ સામાન્ય સભામાં જ શિસ્તના ધજાગરા ઉડતા જોવા મળ્યા છે. તાલુકાના સર્વાંગી વિકાસ માટે અને પ્રજાના પ્રશ્નોને વાંચા આપવા માટે યોજાયેલી આ પ્રથમ ગરિમાપૂર્ણ સભામાં જ મોટી બેદરકારી સામે આવી છે. સભાના નિર્ધારિત સમય કરતાં ખુદ નવનિયુક્ત ઉપપ્રમુખ વનિતાબેન અને તેમની સાથે અન્ય 12 જેટલા ચૂંટાયેલા સભ્યો મોડા પડતાં રાજકીય ગલિયારાઓમાં ભારે ચર્ચા જાગી છે. શિસ્તબદ્ધ ગણાતી ભારતીય જનતા પાર્ટીના શાસન હેઠળની આ પંચાયતમાં પ્રથમ દિવસે જ પદાધિકારીઓ સમયપાલન ચૂક્યા હતા, જેને પગલે પૂર્વ મહામંત્રી અને તાલુકા પંચાયતના પ્રભારી દ્વારા તમામ લેટલતીફ સભ્યોને મૌખિક ઠપકો આપવાની ફરજ પડી છે.

મળતી વિગતો અનુસાર, વડોદરા તાલુકા પંચાયતની પ્રથમ સભાનો સમય સવારે 11:00 વાગ્યાનો નિયત કરવામાં આવ્યો હતો. કાયદાની જોગવાઈ અને પ્રણાલી મુજબ સભા સંચાલકોએ અડધો કલાક એટલે કે 11:30 વાગ્યા સુધી તમામ સભ્યોની રાહ જોઈ હતી. સભાનું કોરમ પૂર્ણ થઈ જતાં એજન્ડા મુજબની સત્તાવાર કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી હતી, પરંતુ આશ્ચર્યની વાત એ હતી કે સભા શરૂ થઈ ગયા બાદ પણ ઉપપ્રમુખ વનિતાબેન સહિત કુલ 11 થી 12 સભ્યો ગેરહાજર હતા અને તેઓ સભા ચાલુ થયાના ઘણા સમય પછી ગૃહમાં પ્રવેશ્યા હતા. પ્રજાના કાર્યો માટે ચૂંટાયેલા પ્રતિનિધિઓ જ પ્રથમ દિવસે મોડા પડતાં પંચાયતના સત્તાધીશો સામે અનેક સવાલો ઊભા થયા હતા. આ ગંભીર શિસ્તભંગ અંગે જ્યારે નવનિયુક્ત ઉપપ્રમુખ વનિતાબેનને જ્યારે સવાલ કરવામાં આવ્યો, ત્યારે તેમણે બચાવ મુદ્રામાં જણાવ્યું હતું કે, તેઓ ઘરથી સમયસર અને વહેલા જ નીકળ્યા હતા પરંતુ રસ્તામાં ભારે ટ્રાફિક જામ હોવાના કારણે તેઓ સભામાં સમયસર પહોંચી શક્યા ન હતા. તેમણે ભવિષ્યમાં આવી ભૂલ ન થાય અને સમયનું પૂરતું ધ્યાન રાખવામાં આવશે તેવી ખાતરી આપી હતી. બીજી તરફ, અન્ય સભ્યો મોડા પડવા પાછળ એવું કારણ સામે આવ્યું હતું કે, પંચાયતનો પ્રથમ દિવસ હોવાથી કેટલાક સભ્યો ઉત્સાહના માહોલમાં મંદિરે દર્શન કરવા ગયા હતા, જ્યારે કેટલાક સભ્યો કમ્યુનિકેશન ગેપ ના કારણે વડોદરા તાલુકા પંચાયતની જૂની બિલ્ડિંગ ખાતે પહોંચી ગયા હતા અને ત્યાંથી જિલ્લા પંચાયતના હોલ સુધી આવવામાં તેમને વિલંબ થયો હતો.

બાઈકચાલકનો ચમત્કારિક બચાવ!

કારેલીબાગમાં રાજમાર્ગ વચ્ચોવચ 'મોતનો કૂવો'

વડોદરા: સ્માર્ટ સિટી વડોદરાના વ્યસ્ત ગણાતા કારેલીબાગ વિસ્તારમાં મુખ્ય માર્ગ પર અચાનક એક મોટો ભુવો પડવાની ગંભીર ઘટના સામે આવી છે. કારેલીબાગ સ્થિત જીવન ભારતી ચાર રસ્તા નજીક આવેલી મેન્ટલ હોસ્પિટલ પાસેના મુખ્ય રસ્તા પર આ ભુવો પડ્યો હતો. રાજમાર્ગ પર બનેલી આ ઘટનાને કારણે વાહનવ્યવહાર ખોરવાયો હતો અને વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. આ અકસ્માતમાં સદનસીબે એક બાઈકચાલકનો આબાદ બચાવ થયો છે, જે મોટી જાનહાનિ ટાળવામાં આશીર્વાદરૂપ સાબિત થયો છે. મળતી માહિતી અનુસાર, રસ્તા પર પડેલો આ ભુવો અંદાજે સાત ફૂટ જેટલો પહોળો અને સાત ફૂટ જેટલો ઊંડો હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ રહ્યું છે. આ માર્ગ શહેરના સૌથી વ્યસ્ત રસ્તાઓ પૈકીનો એક હોવાથી અહીં દિવસ-રાત વાહનોની ભારે અવરજવર રહે છે. રસ્તાની વચ્ચે જ અચાનક આટલો મોટો ભુવો પડી જતાં ત્યાંથી પસાર થઈ રહેલા એક બાઈકચાલક મોટરસાઈકલ સાથે ખાડામાં ખાબકતા-ખાબકતા જરાક માટે બચ્યા હતા. ભુવો પડતાં જ આસપાસના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા અને સાવચેત કરવાનું શરૂ કર્યું હતું.

સયાજીપુરામાં વડોદરા કોર્પોરેશન દ્વારા દબાણ હટાવ ઝૂંબેશ

બે માળનું મકાન અને શેડ સહિતના બાંધકામો પર બુલડોઝર ફરી વળ્યાં

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

શહેરના પૂર્વ વિસ્તારમાં હાઇવે નજીક આવેલા સયાજીપુરા ટીપી-6 વિસ્તારમાં મહાનગરપાલિકાની દબાણ શાખા દ્વારા આજે વહેલી સવારથી જ ગેરકાયદે બાંધકામો સામે કડક હાથે મેગા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. પાલિકા તંત્રએ સપાટો બોલાવીને એક આખેઆખું બે માળનું પાકું મકાન, અન્ય પાંચથી છ મકાનોની આગળ કરાયેલા ગેરકાયદે બાંધકામો તેમજ ચાર જેટલા કાચા શેડ પર બુલડોઝર ફેરવી દઈ જમીનદોસ્ત કરી દીધા હતા. ઓપરેશન દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ઈમરજન્સી સેવાઓ પણ તૈનાત રાખવામાં આવી હતી. મળતી વિગતો અનુસાર, રાષ્ટ્રીય ધોરીમાર્ગ નજીક સયાજીપુરા ટીપી-6માં કેટલાક સ્થાનિક રહીશોએ પોતપોતાના મકાનના આગળના ભાગે માર્જિનની જગ્યામાં ગેરકાયદેસર રીતે પાકા બાંધકામો ખડકી દીધા હોવાની ફરિયાદો ઉઠી હતી. તદુપરાંત, તંત્રની તપાસમાં બહાર આવ્યું હતું કે આ વિસ્તારમાં આવેલું એક આખું બે માળનું મકાન તદ્દન ગેરકાયદેસર રીતે બનાવવામાં આવ્યું હતું. આ સાથે પાંચથી છ જેટલા કાચા શેડ પણ ગેરકાયદે ઉભા કરી દેવાયા હોવાનું પાલિકાના ધ્યાને આવ્યું હતું. આ તમામ દબાણો હટાવવા માટે પાલિકાની દબાણ શાખા દ્વારા વ્યાપક આયોજન કરીને મેગા ઓપરેશન તેજ કરવામાં આવ્યું હતું. આ આક્રમક કાર્યવાહી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ન બગડે તે માટે પાલિકા તંત્ર દ્વારા શહેર પોલીસ પાસે ચુસ્ત બંદોબસ્તની માંગણી કરવામાં આવી હતી. જેના પગલે ઘટનાસ્થળે બાપોદ પોલીસ સ્ટેશનનો મોટો કાફલો તેમજ એસ.આર.પી. ના જવાનો તૈનાત કરી દેવાયા હતા.

રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્રે મોટી ભરતી

3,966 શિક્ષકની જગ્યા માટે ઓનલાઈન ફોર્મ ભરાશે

TET અને મેરિટના આધારે પસંદગી, દિવ્યાંગ ઉમેદવારો માટે વિશેષ એજ્યુકેટર-મુખ્ય શિક્ષકની જગ્યા અનામત

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાતમાં શિક્ષકોની 3,966 જગ્યા પર ભરતીની પ્રક્રિયા જાહેર કરવામાં આવી છે. 1 જૂન 2026થી ઓનલાઈન ફોર્મ ભરવાની શરૂઆત થશે. ટેટ પરીક્ષા અને મેરિટના આધારે ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.

3,966 શિક્ષકોની જગ્યા પર ભરતી કરવામાં આવશે. 1 જૂન 2026થી ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થશે. ઉમેદવારોએ નિયત વેબસાઈટ પર જઈ અરજી કરવાની રહેશે. ટેટ પરીક્ષા પાસ કરેલ ઉમેદવારોની મેરિટના આધારે અંતિમ પસંદગી કરવામાં આવશે. દિવ્યાંગ ઉમેદવારો માટે વિશેષ એજ્યુકેટર અને મુખ્ય શિક્ષકની અલગથી જગ્યાઓ અનામત રાખીને ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. રાજ્યની શાળાઓમાં શિક્ષકોની ઘટ પૂરી કરવા અને ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ કરાવવા માટે આ મોટી ભરતી કરવામાં આવી રહી છે. ટેટ પાસ ઉમેદવારો માટે આ સુવર્ણ તક છે. ઉમેદવારોએ 1 જૂન પહેલા તમામ જરૂરી દસ્તાવેજો તૈયાર રાખવા અને સત્તાવાર વેબસાઈટ પર નિયમિત અપડેટ ચેક કરતા રહેવા અપીલ છે. દિવ્યાંગ ઉમેદવારોએ તેમના સર્ટિફિકેટ સાથે અરજી કરવાની રહેશે.

જનતા ત્રસ્ત, ઉગ્ર આંદોલનની ચીમકી : ગેરકાયદે દબાણ ઊભુ કરાયુંના આક્ષેપ

સ્ટેશન પાછળ ફરામજી કમ્પાઉન્ડનો મુખ્ય રસ્તો છેલ્લા એક વર્ષથી બંધ

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

વડોદરા રેલ્વે સ્ટેશનની પાછળ પ્લેટફોર્મ નંબર 6 નજીક આવેલા ફરામજી કમ્પાઉન્ડ વિસ્તારમાં ગેરકાયદેસર દબાણ અને મુખ્ય રસ્તો બંધ કરી દેવામાં આવતા સ્થાનિક રહીશોમાં વહીવટી તંત્ર સામે ભારે નારાજગી જોવા મળી રહી છે. છેલ્લા એક વર્ષથી આ મુખ્ય માર્ગ બંધ હોવાના કારણે સ્થાનિક લોકોને અવરજવર માટે ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે, તેમજ લાંબુ અંતર કાપીને ફરવા જવાની ફરજ પડી રહી છે. આ ગંભીર સમસ્યાને કારણે સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આશરે એક વર્ષ અગાઉ આ વિસ્તારમાં સાફ-સફાઈના બહાને મુખ્ય રસ્તો બંધ કરી દેવામાં આવ્યો હતો. આ સમગ્ર મામલામાં આદિલ કોન્ટ્રાક્ટર નામના વ્યક્તિની સંડોવણી સામે આવી છે. રહીશોનો આક્ષેપ છે કે આ વ્યક્તિ આ જગ્યાનો મૂળ માલિક નથી, પરંતુ તેણે ગેરકાયદેસર રીતે જગ્યા પર કબજો જમાવી રાખ્યો છે. આ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ કરીને 25 થી 30 હજાર રૂપિયા જેટલું માસિક ભાડું વસૂલવામાં આવી રહ્યું હોવાના ગંભીર આક્ષેપો પણ સ્થાનિકો દ્વારા કરવામાં આવ્યા છે. વધુમાં, જ્યારે પણ સ્થાનિક યુવકો દ્વારા આ રસ્તો ખોલવા માટે રજૂઆત કરવામાં આવે છે, ત્યારે ખોટી પોલીસ ફરિયાદ કરવાની અને ધાકધમકી આપવાની કોશિશ કરવામાં આવે છે. આ જગ્યાના અસલી માલિક મનીભાઈ વાસણવાલા હાલ વિદેશમાં હોવાથી આ પરિસ્થિતિનો ગેરલાભ ઉઠાવવામાં આવી રહ્યો છે. રસ્તાની આ સમસ્યા અંગે સ્થાનિક આગેવાન રોહિત સંભાજી સાલેકર અને અન્ય રહીશો દ્વારા વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદો પણ દાખલ કરવામાં આવી છે.